**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૭/૦૩/૨૦૧૬ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૦૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૪૭ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૭,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૦૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૦૩/૧૬**

**સોલા હાઇકોર્ટ** : નીમીશભાઇ દશરથભાઇ પરીખ (રહે.વિશ્વાસ ફ્લેટ, ગુલાબ ટાવર, થલતેજ, સોલા) એ તા.૧૬/૩/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૩/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૫/૩/૧૬ સવારનાં ૪/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીકથી પોતાના પુત્ર વત્સલ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૦૪/૧૬**

**નવરંગપુરાઃ** દિનકરપ્રસાદ રામદેવ શર્મા (રહે.પુષ્પાનગર સોસાયટી, ભગવતી સ્કુલની બાજુમાં, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ તા.૧૬/૩/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની નવરંગપુરા સી.જી.રોડ, એચ.ડી.એફ.સી. ઇરગો કંપનીની ઓફીસમાં મેનેજર તરીકે કામ કરતો આરોપી તેજસ નવીનચંદ્ર પંડ્યા કંપનીનું સીંગલ ડીશ મશીન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાનું ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૦૫/૧૬</u>**

**ઘાટલોડીયા** : મરીયામા ફીલીપ સેમ્યુલ (ઉ.વ.૬૧)(રહે ,સર્વોદયનગર સોસાયટી, વિ-૩ કે.કે.નગર રોડ, ઘાટલોડીયા) તા.૧૬/૩/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા, શિવમ ટેનામેન્ટ-૧ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ મરીયામાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મરીયામાબહેન સેમ્યુલે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન બારીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)